બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૯૮-ઈએમ-૫૩-ગ.૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ: ૬-૭-૯૮

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૧૧-૧-૮૩ ના સરકારી ઠ.ક્ર:બમશ-૧૩૮૨-૮૧૬-૮૩-ગ
(૨) સરકારશ્રી,શિક્ષણ વિભાગના તા.૧૩-૨-૯૦ ના ઠ.ક્ર:ઉમશ-૧૨૮૬-૬૧૮૦૬-ગ.૧
(૩) સરકારશ્રી,શિક્ષણ વિભાગના તા.૧૦-૭-૯૨ ના ઠ.ક્ર:ઉમબ-૧૨૯૨-૬૪૧-ગ.૧
(૪) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો તા.૩૦-૧૦-૯૩ નો પત્ર ક્રમાંક:બમશ-મા.૧-ફાજલ-ઘ-૯૩-૯૪-૨૮૪-૮૫
(૫) સરકારશ્રી,શિક્ષણ વિભાગના તા.૨૧-૫-૯૪ ના ઠ.ક્ર:ઉમશ-૧૨૯૩-૨૫૩૩-ગ.૧

આમુખ:-

રાજ્યમાં આવેલ બિન સરકારી માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓના અભાવે બંધ થતી હોય છે. તે જ રીતે કેટલીક શાળાઓમાં વર્ગ બંધ થવાની પરિસ્થિતિ ઉભી થાય છે. જેને પરીણામે બંધ થતી શાળાઓ કે વર્ગોના ફાજલ માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો/કર્મચારીઓને સમાવવાનો પ્રશ્ન ઉભો થાય છે. ઘણી વખત લાંબા સમય સુધી અમુક પ્રમાણમાં શિક્ષકો/કર્મચારીઓને સમાવી શકાતા નથી.જેને કારણે આવા ફાજલ શિક્ષકો/કર્મચારીઓને આપવામાં આવેલ પગારના રક્ષણને કારણે ઘેર બેઠા પગાર ચુકવવો પડે છે, અને સરકારને આ રીતે બીનજરુરી આર્થિક બોજો વહન કરવો પડતો હોય છે. તેમ છતાં આવા ફાજલ શિક્ષકો/કર્મચારીઓને રક્ષણ આપવાની નીતિને સરકારશ્રીએ વખતોવખત હુકમો કરીને ચાલુ રાખેલ છે. ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના આંદોલનનો એક મુદ્દો ફાજલ શિક્ષકો/કર્મચારીઓને કાયમી રક્ષણ આપવા અંગેનો હતો જે અંગે વાટાઘાટોના અંતે પ્રવર્તમાન નીતિ બાબતે પુન: વિચારણા જરુરી જણાતાં, તે માટે તા.૨૮-૬-૯૮ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રી ની ઉપસ્થિતિમાં ગુજરાત માધ્યમિક શિક્ષક મહામંડળના હોદ્દેદારો સાથેની એક બેઠકમાં વિસ્તૃત ચર્ચાને અંતે ફાજલ શિક્ષકો/કર્મચારીઓને અપાતા પ્રવર્તમાન રક્ષણ સબંધે નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.

ઠ રા વ :-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્યની સહાય લેતી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો/શિક્ષકો/કર્મચારીઓને તેઓની નિમણૂંક જો તા.૩૦-૬-૯૮ સુધીમાં થયેલ હોય તો તેવા કાજલ થયેલ આચાર્યો, શિક્ષકો અને કર્મચારીઓને (લઘુમતિ શાળાઓ સહીતના) તમામને રક્ષીત ગણવામાં આવશે અને તેઓને ફાજલ કર્મચારીઓને મળતા લાભો આપવામાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨-૭-૯૮ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગંગા સિંહ પરમાર)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-માન.મુખ્યમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી/મદદનીશ, સચિવાલય,ગાંધીનગર

-ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર

-સચિવશ્રી,ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

-સંયુકત શિક્ષણ નિયામકશ્રી(૧૦ વત્તા ૨ ખાસઘટક)બ્લોક-૧૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

-નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

-રજીસ્ટ્રારશ્રી,માધ્યમિક શાળા સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ

-તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

-રજીસ્ટ્રારશ્રી,ગુજરાત ઉચ્ચ માધ્યમિક શાળા સેવા ટ્રીબ્યુનલ,અમદાવાદ

-વિભાગની સર્વે શાખાઓ,

-વિશિષ્ટ ફાઈલ.